**GAB-212** Seat No. ________

# B. A. (Sem. VI) Examination

## March / April - 2017

## Gujarati : Paper - CC - 607

## (ભાષાસ્વરૂપનો અભ્યાસ - ૨)

Time : 3 Hours] [Marks : 70

૧ ભારતીય-આર્યભાષાનાં વિકાસના વિભિન્ન તબક્કાઓનો સવિસ્તૃત પરિચય કરાવો. ૧૪

અથવા

૧ ભારતીય ઉપખંડનાં ભાષાકુળોનો પરિચય આપો. ૧૪

૨ ગુજરાતી ભાષાના ઉદ્ભવ અને એના વિકાસના પરિવર્તનોની નોંધ સાથેની રૂપરેખા રજૂ કરો. ૧૪

અથવા

૨ ટૂંક નોંધ લખો : ૧૪

(અ) મધ્યસ્થાનના અસંયુક્ત અલ્પપ્રાણ સ્પર્શ વ્યંજનોનું પરિવર્તન.

(બ) સંયુક્ત વ્યંજનોનું નાસિક્યીકરણ.

૩ ગુજરાતની મુખ્ય પ્રાદેશિક બોલીઓની માહિતી આપી, દક્ષિણ ગુજરાતની સુરતી બોલીની લાક્ષણિકતાઓ જણાવો. ૧૪

અથવા

૩ ટૂંક નોંધ : ૧૪

(અ) ગુજરાતી વાક્યરચના અને તેના પ્રકાર.

(બ) ગુજરાતી લિંગવ્યવસ્થા અને તેના અર્થો.

૪ ટૂંક નોંધ લખો : (કોઈ પણ બે) ૧૪

(૧) ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગો અને રવાનુકારી રચનાઓ.

(૨) વિકારી અને અવિકારી નામો.

(૩) સંયુક્ત ક્રિયાપદો.

(૪) દ્વન્દ્વ સમાસ અને કર્મધારય સમાસ ઉદાહરણ સહિત સમજાવો.

૫ ટૂંકમાં ઉત્તર આપો : (ગમે તે સાત) ૧૪

(૧) આપણા ચારેય વેદોમાંથી પ્રાચીન ભારતીય આર્યનો જૂનામાં જૂનો નમૂનારૂપ કયો વેદ છે ? એનો રચનાકાળ જણાવો.

(૨) 'ગુજરાતી ભાષા' એવો શબ્દપ્રયોગ કઈ સદીમાં કયા સર્જકની કૃતિમાં જોવા મળે છે ?

(૩) મધ્ય ગુજરાતની (ચરોતરી) બોલીની શાબ્દિક લાક્ષણિકતાઓનાં પાંચ ઉદાહરણ જણાવો.

(૪) કર્તરિ-કર્મણિ અને ભાવે પ્રયોગનાં બે-બે ઉદાહરણો આપો.

(૫) ભારતીય ઉપખંડના ભાષાકુળમાંથી દ્રવિડ ભાષાકુળની ટૂંકમાં માહિતી આપો.

(૬) મધ્યપદલોપી સમાસનાં ચાર ઉદાહરણ દર્શાવો.

(૭) કોઈ પણ એક વાક્યના ઉદાહરણને આધારે પદક્રમ સમજાવો.

(૮) બહુવચનના 'ઓ' પ્રત્યયની વિશેષતાઓ તારવો.

(૯) ક્રિયાપદવાળાં વાક્યો અને ક્રિયાપદ વગરનાં વાક્યોનાં બે-બે ઉદાહરણ જણાવો.

(૧૦) અનુગો અને નામયોગી અવ્યયો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

(૧૧) ગુજરાતી ભાષામાં સમાયેલા અરબી-ફારસી અને અંગ્રેજી શબ્દોના ચાર-ચાર ઉદાહરણો આપો.

(૧૨) ભાષાવિજ્ઞાન' પર અધ્યયન કરનાર કોઈ પણ ત્રણ વિદ્વાનોનાં નામ તેમનાં પુસ્તકો સાથે જણાવો.